સને ૨૦૧૪-૧૫ના આયોજન હેઠળના સ્થાયી
ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત.
- જમીન સંપાદન માટે વળતરની ચૂકવણી.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૩/૭૩૯/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૮/૨૦૧૪

## વંચાણે લીધો:

૧. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરનો તા.3/૧૨/૨૦૧૩નો પત્ર ક્રમાંક:જમન-૧/૨૦૧૪-૧૫/૧૯૯૫/૨૦૧૪.

## ઠરાવ

પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક મકાનો બનાવવા માટે જે તે જિલ્લા કક્ષાએ જમીન સંપાદન કરી જમીન મેળવવાની રહે છે. ત્યારે આવી જમીનનું વળતર ચુકવવાનું રહે છે. આવી જમીન સંપાદન કરવા માટે જે તે જિલ્લા સ્થિત જમીન મુલ્યાંકન ખાતા દ્વારા નકકી કરવામાં આવતી રકમ સબંધિત જમીન માલિકને ચૂકવવાની થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં આયોજન હેઠળ રૂા. ૪૪૧૬.00 લાખની (અંકે રૂપિયા ચાર હજાર ચારસો સોળ લાખ પુરા)ની બજેટ જોગાવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૪-૧૫ની જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી ખર્ચ કરવાનું રહેશે.

(૪) આ અંગેના મંજૂરી અંગેના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

Co.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તથા સબંધિત પોલીસઅધિકારીશ્રીએ સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૮) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી/સબંધિત પોલીસ અધિક્ષકશ્રીની કચેરીને રહેશે.

(૯) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજૂરી અચુકપણે મેળવી લેવાની રહેશે.

૨. આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચના પત્રકો વિગતવાર માહિતી સાથે તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં વિભાગની 'લ' શાખા તથા 'ર' શાખા (બજેટ શાખા)ને અચૂક મોકલી આપવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૬(આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૦૫૫ પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |
| ગૌણ સદર | : | (૮૦૦) અન્ય ખર્ચ |
| પેટા સદર | : | (૦૪) જમીન સંપાદન માટે વળતરની ચુકવણી. |
| હેડ ચાર્જેબલ | : | ૪૦૫૫ ૮૦૦ ૦૪ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૮/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

➢ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર...... ૨.....

- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, અ- શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, અ, ર, વ, સ, ઇ-૧, હ અને ફ શાખાઓ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- વિમા નિયામકશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
-